RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા અગ્નિશામક યંત્રો અને એનઓસી માટે વેપારીઓને ખોટી રીતે હેરાન-પરેશાન ન કરવા બાબતે કલેકટરશ્રી તથા મ્યુનિશીપલ કમિશ્નરશ્રી સમક્ષ લેખિતમાં ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ...

ટીઆરપી ગેમઝોનમાં બનેલ આગની દુર્ઘટના બાદ વહિવટીતંત્ર દ્વારા શહેરમાં તમામ જગ્યાએ અગ્નિશામક યંત્રો અને એનઓસી માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. કાયદાકીય કાર્યવાહીમાં તંત્રને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સંપુર્ણ સહયોગ આપે છે અને આવકારે છે.

પરંતુ ઘણા વેપારીઓની અમારી પાસે ફરીયાદ આવેલ છે કે તેઓ દ્વારા વર્ષ૨૦૧૯ માં અગ્નિશામક યંત્રો માટે અરજીઓ કરેલ હતી ત્યારે તે સમયે કોઈપણ જાતનો પ્રતિસાદ મળેલ ન હતો અને આવી કોઈ જરૂરીયાત રહેતી નથી તેવું વહિવટી તંત્રો દ્વારા મૌખિક જણાવવામાં આવેલ હતું.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી હરહંમેશ વેપાર-ઉધોગકારોના પ્રશ્નોને વાચા આપી યોગ્ય ન્યાય મળે તે માટે કાર્ય કરી રહ્યું છે. ત્યારે હાલમાં અગ્નિશામક યંત્રો અને એનઓસીની કાર્યવાહી દરમ્યાન વહિવટીતંત્રના અધિકારીઓ દ્વારા કોઈપણ વેપારીઓને ખોટી રીતે હેરાન-પરેશાન ન કરવા રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા કલેકટરશ્રી તથા મ્યુનિશીપલ કમિશ્નરશ્રી સમક્ષ લેખિતમાં ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે અને જો કોઈ અધિકારી વેપારીઓને ખોટીરીતે હેરાન -પરેશાન કરશે તો રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી શાંત બેસશે નહી અને તેની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

વધુમાં પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ જણાવેલ છે કે જે કોઈ વેપારીઓને અધિકારીઓ આ બાબતે હેરાન-પરેશાન કરે તો વિના શંકોચે કોઈપણ જાતની શેહશરમ રાખ્યા વગર અમોને જાણ કરવી. જેથી વેપારીઓને યોગ્ય રીતે ન્યાય મળી શકે. સાથો સાથ સરકારી કામગીરીમાં તમામ વેપારીઓને પણ સહયોગ આપવા અપીલ કરવામાં આવે છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.